અપીલ અરજી નં.૮/૦૮-૦૯ તા. ૯-૪-૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

***હુકમ:–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૧-૩-૦૮ની આઈ.ડી.ક્રમાંક ૯૫૧અરજીથી વડાચૌટા ભાઈશાજીની પોળમાં આવેલ મિલ્કત નં.૧૧/૧૪/૭૦ ની બાજુમાં ચાલી રહેલ ચાર માળની મિલ્કતના બાંધકામના પ્લાન પાસ થયા છે કે કેમ? તેમજ પ્લાન મુજબ બાંધકામ થઈ રહયું છે કે કેમ? વિગેરે અંગેની માહિતી બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૯-૪-'૦૮ ની અપીલ અરજી નં.૮/૨૦૦૮-૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૧-૩-૦૮ની આઈ.ડી.ક્રમાંક ૯૫૧અરજીથી વડાચૌટા ભાઈશાજીની પોળમાં ચાલી રહેલ બાંધકામ બાબતે વિષયમાં નિર્દિષ્ટ માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અને આસી.કમિશ્નર સ ેન્ટ્રલ ઝોનના પત્ર નં.૧૧૦૧ તા.૩૧-૩-૦૮ થી આપેલ આંશિક માહિતી "નોંધ નં.સેન્ટ્રલ ઝોનમાં આવેલ વડાચૌટામાં આવેલ ભાઈશાજીની પોળમાં હાલમાં નવા ચાલતાં બાંધકામની મિલ્કતનો નોંધ નં.૧૧/૬૦૬ તેમજ ૧૧/૬૦૮ અબકડ જે મિલ્કતને અત્રેની કચેરીએથી વિકાસ પરવાનગી અનુક્રમે ટીડીઓ નં.સે.ઝોન/આ.નં./૮૬ તા.૧૩-૧૧-૦૬ તેમજ સ ે.ઝોન આ.નં.૦૫ તા.૯-૪-૦૭, સે.ઝોન આ.નં.૬ તા.૯-૪-૦૭,સે.ઝોન આ.નં.૨૮ તા.૧૪-૫-૦૭, સે.ઝોન નં.૨૯ તા.૧૪-૫-૦૭ થી આપવામાં આવેલ છે. જેને અત્રેના કાર્યપાલક ઈજનેરશ્રીએ નિયમોનુસાર મંજુર કરેલ છે. હાલમાં સદર મિલ્કત અન્ડર કન્સ્ટ્રકશન હોઈ સદર મિલ્કત પરત્વે ઉપસ્થિત અન્ય તમારા પ્રશ્ન અંગે અત્રેની કચેરીમાંથી મંજુર પ્લાન અને રજાચિઠ્ઠીની કોપીની નિયત ફી રૂા.૧૦૯૭ /– ભરીને મેળવી લેવી. તેવી આપેલ માહિતીથી નારાજ થઈ તપાસ કર્યા વગરની માહિતી તેમજ અધૂરી વિગતો સામેલ હોવાનું જણાવી અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૯-૪-૦૮ ના રોજ ફોટો સ્ટેટ નકલ ધ્વારા અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮ તા.૨૩-૪-૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પાઠવવામાં આવેલ. જેના અનુંસંધાને રાઈટ ટુ ઈન્ફરમેશન/સે.ઝોન/આ.નં.૧૧ ૩ તા.૩૦-૪-૦૮ થી પૂરક માહિતી અત્રેના વિભાગને પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મધ્યસ્થ કચેરીના ઈનવર્ડ નં.ડી/૧ ૨૨૨૮ તા.૨૮-૩-૦૮ મ્યું.કમિશનરશ્રીને સંબોધીને આઈ ડી.નં.૯૫૧ તા.૧૧-૩-૦૮ ની અરજી બિન શર્તે પાછી ખેંચી લીધેલ જણાવતા પત્રની નકલ સાથે અરજદારને અગાઉ માહિતી પૂરી પાડેલ પત્રની નકલ સામેલ કરવામાં આવે છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં અરજદારની અરજી પાછી ખેંચી લીધેલ જણાવતી અરજી બાદ જાહેર માહિતી અધિકારીના તા.૩૧-૩-૦૮ ના પત્રથી આપેલ માહિતીથી નારાજ થઈ અપીલ કરવામાં આવેલ જણાય છે. તે ધ્યાને લેતાં અપીલ ગ્રાહય રાખી નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે મુળ અરજીથી માંગેલ માહિતી પૈકી પ્લાન પાસ થયેલ છે તથા કયા અધિકારીએ પાસ કરેલ છે તે સિવાયની કોઈ માહિતી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા આપેલ નથી. પરંતુ અરજદારે નિયત ફી ભરી પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ મેળવી લેવા જણાવે છે. જયારે અરજદારે તેની વિગતો માંગેલ ન હોય અરજદારે મુળ અરજીથી માંગેલ માહિતી પૈકી નહી પૂરી પાડેલ પાર્કીગ,કાર્પેટ એરિયા,બીલ્ટઅપ એરિયા,લાઈનદોરી ,રેસીડન્ટ/કોમર્શીયલ વિગેરે અંગેની માહિતી જરૂર જણાય તો આરટીઆઈ એકટની કલમ-૧૧ સહિતની કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન-૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. જયારે આરટીઆઈ હેઠળ ભૌતિક સ્વરૂપની માહિતી પૂરી પાડવાની રહે છે. તેથી સ્થળ તપાસ કરી માહિતી આપવા બાબતની અરજદારની રજુઆત ગ્રાહય રાખવાપાત્ર રહેતી ન હોય તે અંગે અપીલમાં કોઈ આદેશ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામ મેમણ,